# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-02-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ન્યાય આધારિત, વિકસિત ભારતને આકાર આપવામાં ન્યાય-સહાયક વિજ્ઞાનની ભૂમિકા પર ભાર મુક્યો.**

2) **રાષ્ટ્રપતિએ ભુજના સ્મૃતિવન અને સંગ્રહાલયની મુલાકાત લીધી અને ધોરડોમાં વિવિધ કારીગરો સાથે સંવાદ કર્યો.**

3) **યાત્રાધામ અંબાજીમાં એક હજાર 200 કરોડ રૂપિયાના ખર્ચે વિકાસ કરાશે.**

4) **સુરતની શિવશક્તિ કાપડ બજારમાં લાગેલી આગ 36 કલાક બાદ કાબૂમાં લેવાઈ.**

5) **રાજ્યમાં આગામી ત્રણ દિવસમાં ગરમીમાંથી આંશિક રાહત મળવાની હવામાન વિભાગની આગાહી.**

......................................................................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PREZ NFSU

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ન્યાય આધારિત, વિકસિત ભારતને આકાર આપવામાં ન્યાયસહાયક વિજ્ઞાનની ભૂમિકા પર ભાર મુક્યો છે. આજે ગાંધીનગરમાં રાષ્ટ્રીય ન્યાયસહાયક વિજ્ઞાન વિશ્વવિદ્યાલય- NFSUના ત્રીજા પદવીદાન સમારોહને સંબોધિત કરતાં શ્રીમતી મુર્મૂએ ભારતીય વારસાને આધુનિકતા સાથે જોડનારા અને તમામ લોકોને ન્યાય સુનિશ્ચિત કરનારા વિકસિત ભારતના દ્રષ્ટિકોણ પર પણ પ્રકાશ પાડ્યો હતો.

શ્રીમતી મુર્મૂએ વિજ્ઞાન અને ટેકનોલૉજીના માધ્યમથી ઝડપી તેમ જ સુલભ ન્યાયપ્રક્રિયા માટે વિદ્યાર્થીઓને પ્રવૃત્ત થવા અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત તેમણે ગુનાઓના બદલાતા સ્વરૂપને ધ્યાને રાખી સમયસર ન્યાય અપાવવામાં ન્યાયસહાયક વિજ્ઞાનના વધતા મહત્વ પર પણ ભાર મુક્યો.

(બાઈટઃ દ્રૌપદી મુર્મૂ, રાષ્ટ્રપતિ)

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુનેગારોને પકડવામાં અને ન્યાયાલયમાં ગુનાને સાબિત કરવામાં ન્યાયસહાયક વિજ્ઞાનની ભૂમિકા મહત્વની હોવાનું જણાવ્યું હતું.

(બાઈટઃ ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

# PREZ KUTCH VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજથી 2 દિવસ કચ્છનાં પ્રવાસે છે. આજે તેમણે સૌથી પહેલાં ભુજના સ્મૃતિવન ભૂકંપ સ્મારક અને સંગ્રહાલયની મુલાકાત લીધી. કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી જણાવે છે, સ્મારકની મુલાકાત દરમિયાન વિનાશક ધરતીકંપ બાદ કચ્છ કેવી રીતે ફરી બેઠું થયું તે અંગે શ્રીમતી મુર્મૂને માહિતગાર કરાયાં હતાં.

ઉપરાંત રાષ્ટ્રપતિશ્રીએ વિશ્વના સૌથી મોટા ભૂકંપ સિમ્યુલેટર પર વર્ષ 2001માં આવેલા ધરતીકંપ વખતે આવેલા આંચકાઓનો અનુભવ પણ કર્યો હતો. ત્યારબાદ શ્રીમતી મુર્મૂએ ધોરડો ખાતે વણાટ કળા, રોગન કળા અને ભરત કામના કારીગરો સાથે મુલાકાત કરી સંવાદ કર્યો.

રોગન કળાના કારીગર પદ્મશ્રી અબ્દુલ ગફુર ખત્રીએ રાષ્ટ્રપતિ સાથેની મુલાકાતને યાદગાર ગણાવી.

**(બાઈટઃ અબ્દુલ ગફૂર ખત્રી)**

# AMBAJI DEVELOPMENT

બનાસકાંઠામાં આવેલા સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં મંદિરથી ગબ્બર ટેકરી સુધીના વિસ્તારનો એક હજાર 200 કરોડ રૂપિયાના ખર્ચે વિકાસ કરાશે. ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે પ્રશ્નોત્તરી દરમિયાન મંત્રી ઋષિકેશ પટેલે આ માહિતી આપી હતી. તેમણે કહ્યું, “અંબાજી મંદિર, ગબ્બર ડુંગર મંદિર અને 51 શક્તિપીઠને જોડતા શક્તિ કૉરિડોરમાં આવતી સરકારી જમીનમાં કરાયેલા 79 જેટલા બિનઅધિકૃત બાંધકામ દૂર કરાયા છે.

આ ઉપરાંત ગબ્બર ટેકરી પરની જ્યોત અને મંદિરના વિશા યંત્ર વચ્ચે એક સરળ જોડાણ બનશે.

# GUJARAT VIDHANSABHA OVERALL

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે અંબાજીના વિકાસ, અમરેલી દુષ્કર્મ કેસ સહિત અનેક મુદ્દાઓ ઉઠ્યા હતા. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, અંબાજીના વિકાસ મુદ્દે ગૃહમાં બંને પક્ષે વિશેષ ચર્ચા કરવામાં આવી. કૉંગ્રેસ નેતા અમિત ચાવડાએ ગૃહમાં સરકારને ઝૉન ફેર અંગે મળેલી અરજીઓ અને ખાણખનીજ વિભાગમાં ખાલી જગ્યાઓ ભરવા અંગે પણ પ્રશ્ન પૂછ્યો હતો.

બીજી તરફ રાજ્યકક્ષાના મંત્રી જગદીશ વિશ્વકર્માએ વિધાનસભા ગૃહમાં ભ્રષ્ટાચાર કરતા અધિકારીઓ સામે કડક કાર્યવાહી થઈ હોવાની સ્પષ્ટતા કરી હતી. કૉંગ્રેસ નેતા જિગ્નેશ મેવાણીએ સુરેન્દ્રનગરના મૂળીમાં ત્રણ શ્રમિકના ગેસ ગળતરથી થયેલા મૃત્યુ અંગે ગૃહમાં પ્રશ્ન પૂછતાં મંત્રી બળવંતસિંહ રાજપૂતે જવાબ આપ્યો હતો.

આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ઉમેશ મકવાણાએ બોટાદ જિલ્લામાં એક વર્ષમાં અપાયેલા લાઈસન્સ અંગે પ્રશ્ન પૂછ્યો હતો. આ ઉપરાંત અમરેલી જિલ્લામાં બનેલી દુષ્કર્મની ઘટના અંગે પણ સત્તાપક્ષ અને વિરોધ પક્ષના નેતાઓએ સામસામે નિવેદન કર્યા હતા.

# SEVA SETU 10 YEARS

રાજ્યમાં સેવાસેતુના 10 તબક્કામાં કુલ ત્રણ કરોડથી વધુ નાગરિકોની સમસ્યાઓનું સ્થળ પર નિરાકરણ કરાયું છે. આ અંગે માહિતી મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું, અત્યાર સુધીના દસ તબક્કામાં કુલ ત્રણ કરોડ સાત લાખ 63 હજાર 953 અરજી મળી છે, જે પૈકી કુલ ત્રણ કરોડ સાત લાખ 30 હજાર 659 અરજીનો નિકાલ કરાયો છે.

ઉલ્લેખનીય છે કે, નાગરિકોની વ્યક્તિલક્ષી રજૂઆતોનું સ્થળ પર નિરાકરણ કરવા વર્ષ 2016થી 'સેવાસેતુ' કાર્યક્રમ યોજાય છે. હાલ આ કાર્યક્રમમાં આવકના દાખલા, રાશનકાર્ડ, આધારકાર્ડ, વરિષ્ઠ નાગરિકતા પ્રમાણપત્ર, દિવ્યાંગતા પ્રમાણપત્ર જેવી 55 જેટલી સેવાને આવરી લેવાઈ છે.

# CM-DIVYANG SAMUH LAGNOTSAV

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે દિવ્યાંગ સમૂહ લગ્નોત્સવમાં 12 મૂક-બધિર નવદંપતીઓને આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે તેમણે અંદાજપત્રમાં સંત સૂરદાસ યોજના હેઠળ કરાયેલી જાહેરાતની માહિતી આપતાં કહ્યું, આના પરિણામે વધુ 85 હજાર જેટલા દિવ્યાંગજનોને વાર્ષિક 12 હજારની સહાય મળતી થશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# MEDICAL ALLOWANCE-NON-GOV.CLG STAFF

રાજ્ય સરકારે બિનસરકારી અનુદાનિત કૉલેજોના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના મેડિકલ ભથ્થામાં 700 રૂપિયાનો વધારો કરવાનો નિર્ણય કર્યો છે.

ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલે તેમના સોશિયલ મીડિયા એક્સ પર આ માહિતી આપતા જણાવ્યું, આ તમામ કર્મચારીઓને પ્રતિમાસ એક હજાર રૂપિયાનું તબીબી ભથ્થું મળશે. આ નિર્ણયનો લાભ રાજ્યના 4 હજાર 908 કર્મચારીઓને લાભ મળશે. આગામી પહેલી એપ્રિલથી આ ઠરાવ અમલી બનશે.

# SURAT FIRE

સુરતની શિવશક્તિ કાપડ બજારમાં લાગેલી આગ 36 કલાક બાદ કાબૂમાં લેવાઈ છે. જોકે, બજારની 834 દુકાનમાં મોટું નુકસાન થયું છે. અસરગ્રસ્ત વેપારીઓને મદદ કરવા શિવશક્તિ માર્કેટ રિલીફ ફંડ નામથી 11 લોકોની એક સમિતિ બનાવાશે. આ ઉપરાંત વેપારીઓને મદદ પહોંચાડવા મૉબાઈલ નંબર જાહેર કરાશે. લોકો તરફથી મળેલી રકમ વેપારીઓના ખાતામાં સીધા જ જમા કરાવાશે. આ અંગે સુરત વેપાર અને કાપડ સંગઠન મહામંડળ- ફોસ્ટાના પ્રમુખ કૈલાસ હકીમે આ અંગે માહિતી આપી હતી.

**(બાઈટઃ કૈલાસ હકીમ, પ્રમુખ, ફોસ્ટા)**

બીજી તરફ સુરતના ધારાસભ્ય કુમાર કાનાણીએ આ મામલે તપાસ કરવાની માગ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખ્યો છે.

**(બાઈટઃ કુમાર કાનાણી, ધારાસભ્ય, સુરત)**

# SOMNATH S . T . STAND

સોમનાથ ખાતે આધુનિક બસમથક બનાવાશે. ગીરસોમનાથના અમારા પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે, વેરાવળથી કોડિનાર તરફ જતાં રાષ્ટ્રીય રાજમાર્ગ નજીક આવેલી સરકારી જમીન રાજ્ય માર્ગ અને પરિવહન નિગમને ફાળવાશે. આ પ્રસ્તાવિત બસ મથકની જગ્યા સોમનાથ રેલવે મથકની બાજુમાં જ શંખ સર્કલ પાસે હશે.

# KUSTI AWARD

**મોરબી જિલ્લાનાં સનદી અધિકારી હિરલ વ્યાસે રાષ્ટ્રીય કક્ષાએ યોજાયેલી કુસ્તી સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યો છે. તાજેતરમાં મહારાષ્ટ્રના પુણેમાં યોજાયેલી ઑલ ઇન્ડિયા સિવિલ સર્વિસ કુસ્તી સ્પર્ધા 2024-25માં ખેલાડીએ આ સિદ્ધિ હાંસલ કરી હતી.**

**ચંદ્રક વિજેતા અને યુવક સેવા સાંસ્કૃતિક વિભાગનાં વડાં હિરલ વ્યાસે આ અંગે પ્રતિક્રિયા આપી હતી.**

**(બાઈટઃ હિરલ વ્યાસ, ખેલાડી)**

# WEATHER

રાજ્યમાં આગામી ત્રણ દિવસમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થશે. ત્યારબાદ તાપમાન યથાવત્ રહેવાની આગાહી છે. હાલ પશ્ચિમ રાજસ્થાન પર ચક્રવાત પરિભ્રમણ સક્રિય હોવાથી ગરમીમાંથી આંશિક રાહત મળશે તેમ હવામાન વિભાગના નિદેશક ડૉ. એ. કે. દાસે જણાવ્યું હતું.

**(બાઈટઃ ડૉ. એ. કે. દાસ, નિદેશક, હવામાન વિભાગ)**

ઉલ્લેખનીય છે કે, ગત 24 કલાકમાં રાજ્યનું મહત્તમ તાપમાન 37 ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચ્યું છે, જેમાં સૌથી વધુ 38.5 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સુરેન્દ્રનગરમાં નોંધાયું હતું.